## સાવલીના મે.એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સાવલી

**ફોજદારી કેસ નં.૨૪૧૪/૨૦૨૨**
આંક–૬

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી : રોહિતકુમાર ગોપાલભાઈ સોલંકી**
**રહેવાસી : નર્મદા વસાહત કુબોલા,**
**તા.સાવલી, જી.વડોદરા**

**ગુન્હો :**–ઈ.પી.કો.કલમ– ૨૭૯ મુજબ.

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ **તા.૧૪/૧૧/૨૦૨૨** ના રોજ **કલાક–૧૪:૧૫** વાગ્યે પોતાના કબજાનુ **વાહન બોલેરો પીકઅપ** પુરઝડપે અને બેફીકરાઈ અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે હંકારતા મળી આવી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ નોંધી અને ત.ક.અમલદારે કરી તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતાં ચાર્જશીટ કરવામાં આવેલ.

(૨) આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડયાની ખાતરી કરી, આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને આરોપીએ **આંક–૦૩** થી કબુલાત પુરસીસ આપી સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીની કબુલાત બિનકેફી હાલતમાં તેમજ કોઈપણ જાતના લોભ, લાલચ કે ભય વિનાની હોવા અંગેની ખાતરી કરતા, કબુલાત સ્વીકારાયેલ છે અને આરોપીની પ્લી **આંક–૦૪** થી રેકર્ડ કરવામાં આવેલ છે. તેમાં પણ તેઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી ધ્વારા તેમના વિ.વ.શ્રીની હાજરીમાં ગુનાની કબુલાત પુરસીસ આપી જણાવે છે કે તેઓ કુટુંબકબીલા વાળા છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે છ,ગુનાનો આરોપીને પસ્તાવો થાય છે, તેમનો પ્રથમ ગુનોછે. તેઓ ફરી ગુનો નહી કરવાની ખાતરી આપે છે અને જેલમાં મોકલવામાં આવશે તો કુટુંબ–રોજગારને અસર થશે તેમ જણાવેલ છે. આ તમામ સંજોગો ધ્યાને લઈ જેલ સજા નહિ કરી દયા કરવા અને ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી

કરેલ છે.

( ૪ ) આ કામે રજુ આંક–૧ ચાર્જશીટ ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ની કલમ : ૨૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેનું તહોમત છે. ફરીયાદપક્ષે એવો કોઈ પુરાવો કે રજુઆત થયેલ નથી કે આરોપી અગાઉ આવા કોઈ ગુનાના કામે સંડોવાયેલ છે કે સજા પામેલ છે, જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનું ફલિત થાય છે. કબુલાત પુરસીસ ધ્યાને લેતાં, આરોપી અત્યંત ગરીબ અને પછાત જણાય છે. આરોપીને ગુનાનો પસ્તાવો થયેલ છે તેમ જણાય છે. આરોપીએ ફરી ગુનો નહી કરવાની ખાતરી આપેલ હોય તેમજ ગુનાનો પ્રકાર અને સજાની જોગવાઈ તથા ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં, આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

આરોપી **રોહિતકુમાર ગોપાલભાઈ સોલંકી, રહેવાસી : નર્મદા વસાહત કુબોલા, તા.સાવલી, જી.વડોદરા** નાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો.ની કલમ–૨૭૯ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)** નો દંડ ફરમાવું છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો તેઓએ દિન–૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: ૧૧ મી, માહે : ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભાળવી જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩
મુ.સાવલી.

**( આર.એમ.ધોડી )**
**એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,સાવલી.**
**કોડ: જીજે ૦૧૧૭૫**

(એસ.એમ.મદારી)પી.એ.